

# ઐતિહાસિક MCE વૈશ્વિક ટ્રેનિંગ

MCE

રવિવાર ૨૮મી જુલાઈ ૨૦૨૪ના રોજ, પ્રથમ વખત, MCE એ વિશ્વના ૩ પ્રદેશોમાં એક જ દિવસે ૩ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ ફસિલિટેટ કર્યં; અરુશા (AFED) માં સ્પિરિટયુઅલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (SDP), મોન્ટ્રીયલ (NASIMCO) માં ટીચર સ્કીલસ પ્રોગ્રામ (TSP) અને હેરફિલ્ડ (CoEJ) WF હાઉસ માં તરબિયાહ કરીક્યુલમ ટ્રેનિંગ (CT).

સુકઇનાબાઇ રાઇલી (BSL Communicator) દ્વારા CT ટ્રેનિંગનું BSL (બ્રિટિશ સાઇન લેંગ્વેજ) માં અનુવાદ કરવું એક સન્માનની વાત છે. MCE દ્વારા આયોજિત આ પ્રથમ ટ્રેનિંગ છે જે આ રીતે ફસિલિટેટ થઈ છે!



**SDP - Spiritual Development Programme, Arusha**
27th & 28th July 2024



૨૦૧૯ થી, MCE સ્પિરિટ્યુઅલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (SDP) ચલાવી રહ્યું છે, જે મદરેસા શિક્ષકો માટે અત્યંત અસરકારક ટ્રેનિંગ પ્રોગ્રામ છે. SDP ક્લાસિકલ ઇસ્લામિક સ્કોલરશીપ સાથે આધુનિક ઇન્ટરેક્ટિવ શિક્ષણ પદ્ધતિઓનું સંયોજન કરે છે, શિક્ષકોની રૂહાનીયત વધુ સુધારવા અને તેમના વિદ્યાર્થીઓ પર હકારાત્મક અસર કરવામાં મદદરૂપ છે.

કોર્સ વાસ્તવિકતા, સંબંધિત ઉદાહરણો, પરહેઝગાર વ્યક્તિઓના જીવનની પ્રેરણાદાયી વાર્તાઓ અને કુરાનની આયતો અને હદીસોની તફકકુરથી ભરેલો છે.

આજની તારીખમાં, ૧૦ SDP સત્રો યોજવામાં આવ્યા છે, જેમાં ૨૩૨ શિક્ષકોને સફળતાપૂર્વક ટ્રેનિંગ આપવામાં આવી છે.

સૌથી તાજેતરની ટ્રેનિંગ તાન્ઝાનિયાના અરુશામાં ૨૭મી-૨૮મી જુલાઈના સપ્તાહના અંતે યોજાઈ હતી, જેમાં ૨૦ સહભાગીઓએ ટ્રેનિંગ પૂર્ણ કર્યો હતા.

આગામી અઠવાડિયામાં ઈસ્ટ આફ્રિકામાં વધુ ચાર SDP સત્રો યોજાનાર છે:

- દાર અસ સલામ: ૬મી થી ૮મી ઓગસ્ટ
- મોમ્બાસા: ૧૦મી-૧૧મી અને ૧૩મી-૧૪મી ઓગસ્ટ
- નાઇરોબી: ૧૭મી-૧૮મી ઓગસ્ટ

શેખ મોહમ્મદ અલી ઈસ્માઈલ ઓગસ્ટ મહિના દરમિયાન દાર અસ સલામ, મોમ્બાસા અને નાઇરોબીમાં SDP સત્રોને ફસિલિટેટ કરશે.

# SDP Participant Feedback

“These two days were extremely impactful to me spiritually. The lessons felt almost illegal to know because of their immense value. May Allah give you the tawfiq to continue to strive and help others as you’ve helped me. Jazakallah”

“Excellent”

“Done again. And benefitted all over again in newer ways.”

“The Debate as it gives much understanding, the faculties of the soul, the excerpts from scholars”

“Beautifully designed and structured programme!”



## TSP – Teacher Skills Programme, Montreal

27th & 28th July 2024



સય્યદ અલી નકવી દ્વારા સ્થપાયેલ અને તેના નેતૃત્વ હેઠળ, ટીચર સ્કીલસ પ્રોગ્રામ (TSP) નો ઉદ્દેશ્ય શિક્ષકોની કુશળતા વધારવા, તેમની સોચ અને વર્તાવને બદલવાનો છે જેથી તેઓ મદરેસામાં વિદ્યાર્થીઓના વધુ સારી રીતે સમર્થન આપી શકે. ૨૦૨૦ માં, TSP ને UKમાં નોર્ધન કાઉન્સિલ ઓફ ફર્ધર એજ્યુકેશન (NCFE) દ્વારા માન્યતા આપવામાં આવી હતી.

૩૪ સહભાગીઓએ ૨૭મી-૨૮મી જુલાઈના રોજ TSPની ૨-દિવસની ટ્રેનિંગ સય્યદ અલી નકવી અને શહેનાઝબાઈ સોમજી દ્વારા ફસિલિટેટ કરવામાં આવી હતી અને તેઓ માઇક્રો ટીચ તરફ કામ કરી રહ્યા છે. સહભાગીઓ સંલગ્ન અને જુસ્સાદાર શીખનારા હતા અને તેઓએ તેમના અનુભવનો ફીડબેક શેર કર્યો હતા. બીજા કેટલાક શિક્ષકો આગળ આવ્યા જેમણે આગામી TSPમાં ભાગ લેવા માટે તેમની રુચિ વ્યક્ત કરી છે. તે એકંદરે અદ્ભુત અનુભવ હતો.

# TSP Participant Feedback

"Very informative and practice-based teaching"

"Thank you for challenging us and making us think beyond!"

"It made me feel motivated to teach!"

"Amazing teaching skills like VAK was very helpful, planning and planning skills as well as believing in ourselves!"

"Very informative and practice-based teaching"

"The module opened up a lot of opportunities and showed a whole different perspective!"




**Tarbiyah Curriculum Training, WF House**

28th July 2024



તરબિયાહ કરીક્યુલમ ટ્રેનિંગ પ્રોગ્રામ એવા શિક્ષકો માટે રચાયેલ છે જેઓ કરીક્યુલમમાં નવા છે.

આ ટ્રેનિંગ સત્રની વિશેષતાઓ:

• તેના વિકાસની આંતરદૃષ્ટિ, તેની વ્યાખ્યાયિત વિશેષતાઓ અને મુખ્ય નૈતિકતાની સમજ
• શીખવવાના તેમજ શીખનાર અને તેમના અનુભવોને શીખવાની પ્રક્રિયાને સમજવું
• આકર્ષક, રસપ્રદ અને ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો• ડેમો પાઠમાં શિક્ષકોની ભાગીદારી, જેથી તેઓ અવલોકન કરી શકે કે કલાસરૂમમાં પાઠ કેવી રીતે શીખવી શકાય છે અને ઉપયોગમાં લેવાતી વિવિધ પ્રક્રિયાઓમાંથી શીખી શકે છે

ટ્રેનિંગ અડધા દિવસના માઇક્રોટીચ સત્રમાં સમાપ્ત થાય છે જ્યાં શિક્ષકોને તેમના સાથીદારોને પાઠનો એક ભાગ શીખવવાની તક આપવામાં આવે છે.

સાજીદાબાઈ વિરાણી અને ઝુલેખાબાઈ હીરજી ૩૦ સહભાગીઓને ફસિલિટેટ કર્યા જેણે તેમના શિક્ષણનો અનુભવ શેર કર્યો અને તરબિયા કરીક્યુલમ ના વિવિધ શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. અમે સબીહાબાઇ ચંદૂનો આભાર વ્યક્ત કરીએ છીએ જેમણે બેન્ડ્સ C-F ડેમો પાઠને ફસિલિટેટ કર્યા.

# Curriculum Training Participant Feedback

"Really engaging content and impressive facilitators"

"The processes, gave some great ideas to plan lessons and how to teach them"

"More sessions like these would be really useful"

"The facilitators kept us inspired throughout the day and facilitated us staying mentally alert and had us paying attention so that we benefitted the most"

ધ વર્લ્ડ ફેડરેશન અને MCE વતી, અમે BSL કોમ્યુનિકેટર, સુકઇનાબાઈ રાઇલીનો આભારી છીએ જેણે અમારા બહેરા સહભાગીઓ માટે બ્રિટિશ સાઇન લેંગ્વેજ (BSL) માં સમગ્ર ટ્રેનિંગ સત્રનું અર્થઘટન કરવામાં માટે સમય ફાળવ્યો.

આ એક અગ્રેસર પ્રયાસ હતો, અને અમે અમારા તમામ સહભાગીઓની વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા માટે અમારા ટ્રેનિંગ પ્રોગ્રામસને ચાલુ રાખવાની આશા રાખીએ છીએ જે ઇન્શાઅલ્લાહ દરેક માટે સુલભ અને સમાવિષ્ટ બનશે.

---

**જો તમારો મદ્રેસા ઉપરોક્ત કોઈપણ ટ્રેનિંગ (SDP, TSP અથવા CT) બુક કરાવવામાં રસ ધરાવતા હોય, તો કૃપા કરીને mce@world-federation.org પર ઈમેલ કરો.**

**અમારા કોઈપણ ટ્રેનિંગ સત્રો વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને નીચેની લિંક પર ક્લિક કરો:**
**https://madrasahonline.org/training-programmes/**